PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૫/ક્વા–૦૨/૧૬–૧૭/ ૮૬૬૬ તા. ૨૨/૦૬/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મુરૂભાઈ કેશવભાઈ ખરા,
રહે. કડીયા પ્લોટ,,
શેરી નં.–૨,
ઠે.વણકરવાસ,,
પોરબંદર

વિષય :–વીજપોલ ખસેડવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૩–૦૭–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૫/ક્વા–૦૨/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી , પોરબંદર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ઉદ્યોગ નગર– પેટા વિભાગીય કચેરી, પોરબંદર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૪૫/ક્વા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા/૨૦–૦૯–૧૬, ૨૧/૦૯/૧૬ સ્થળ :જુનાગઢ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: મુરુભાઈ કેશવભાઈ ખરા,ગામ: પોરબંદર,**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) :** ઉધ્યોગ નગર– પેટા વિભાગીય કચેરી, પોરબંદર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી , પોરબંદર)

**રજુઆત કરનાર :** જે.ડી.પાનખાણીયા, નાયબ ઈજનેર (ટેક) શહેર વિભાગીય કચેરી , પોરબંદર હાજર રહેલ હતા.

## : હુકમ :

**ફરીયાદ : વીજપોલ ખસેડવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓ શ્રી ના રહેણાંક ના વિસ્તાર, જે ગીચ વિસ્તાર હોય, માત્ર ૧૨ ફુટ પહોળાઈ ની શેરી હોય, આ શેરી મા, નડતર રૂપ એવો સીમેન્ટ નો થાંભલો, તેમજ લગભગ શેરી ની વચ્ચે, એવો તાણીયો આવેલ છે. જે અવન–જવન મા નડતરરૂપ છે, તેમજ અકસ્માત ની સંભાવના છે. આમ, સદર થાંભલો / તાણીયો ખસેડવા બાબતે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંઘાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી પુરતુ લક્ષ આપીને, અરજદાર શ્રી ની ફરીયાદ અરજી મા જણાવ્યા મુજબ નો, નડતર રૂપ એવો વીજ થાંભલો, નિયમાધીન પ્રક્રીયા હેઠળ ની મંજુરી અન્વયે, તા.૩૦–૦૮–૧૬ ના રોજ, ખસેડવા બાબતે ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી, સંતોષ, અને અરજદાર શ્રી ના તા.૧૭–૦૯–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ પૂર્ણ કરી, અને અરજદાર ની ફરીયાદ નુ, પીજીવીસીએલ તરફથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨.૧ મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની, સવાલવાળી , તેમને નડતર રૂપ એવો વીજ થાંભલો ખસેડવાની કામગીરી, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, ફરીયાદ નુ, તા.૩૦–૦૮–૧૬ ના રોજ, ખસેડવા બાબતે ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી, સંતોષ, અને અરજદાર શ્રી ના તા.૧૭–૦૯–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ પૂર્ણ કરી, અને અરજદાર ની ફરીયાદ નુ, પીજીવીસીએલ તરફથી નિરાકરણ કરાયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u>

**<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

( એમ.એન. ઓઝા )
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

(ટી.બી.ભીમાણી)
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..